નં.ઓએન્ડએમ/સીઆઈઆર/જીઆઈડીસી/
જીએસએફસી/પોલીસી/૩૭/૦૧
જી.આઈ.ડી.સી. વડી કચેરી,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૨૫-૦૨-૨૦૦૫.

પ રિ પ ત્ર.

વિષયઃ- જી.આઈ.આઈ.સી/જી.એસ.એફ.સી. ધ્વારા નિગમની વસાહતોમાં આવેલા એકમ હરાજીથી નિકાલ કરવામાં આવે તે સમયે હાથ ધરવાની કાર્યવાહી બાબત.

સંદર્ભઃ-(૧) ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક.જીએસએફસી/જીઆઈઆઈસી/૧૦૨૦૦૩/૧૭૧૧/પી તા.૦૭-૦૨-૨૦૦૪.

(૨) નિગમનો પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/જમે(વિત)/પીઓએલ/૩૭/(૪)/૨૧ તા.૦૮-૦૯-૨૦૦૪.

:-:-:-:-:-:-:-:-:-:-:

ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ કે ગુજરાત રાજય નાણાંકીય નિગમ તરફથી ઔદ્યોગિક એકમને સ્થાપના માટે મુદતી ધિરાણ કે વિકાસ માટે અન્ય કોઈ પ્રકારે ધિરાણ આપવામાં આવ્યું હોય અને આવા ધિરાણની મુદ્દલ અને વ્યાજની રકમની પરત ચુકવણીમાં એકમ નિષ્ફળ જાય તેવા પ્રસંગોએ સ્ટેટ ફાઈનાન્સીયલ કોર્પોરેશન એકટની કલમ-૨૯ હેઠળ તેઓને ઉપલબ્ધ સત્તાની રૂએ એકમનો કબજો સંભાળી જાહેર હરાજી ધ્વારા આ નિગમો તેઓના બાકી લ્હેણાની વસુલાત કરે છે. આવા પ્રસંગોએ અન્ય સંસ્થા, નિગમ કે એકમોના બાકી લ્હેણાં અંગે કઈ રીતે કાર્યવાહી કરવી તે બાબતે સ્થાયિ સુચનાઓ સરકારશ્રીના ઉપરોકત સંદર્ભ-૧ ના ઠરાવથી પાઠવવામાં આવી છે.

ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ કે ગુજરાત રાજય નાણાંકીય નિગમ તરફથી જયારે ઔદ્યોગિક એકમોને નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવે તેવા પ્રસંગોએ તેઓ મિલ્કત મોર્ડગેજ કરાવે છે તેથી નિગમના પ્લોટ કે શેડની પૂરેપૂરી કિંમત નિગમને ચુકવાયેલી હોય. નિગમે વસુલ મેળવવાની બાકી રકમમાં વોટર ચાર્જીસ, લઘુત્તમ વોટર ચાર્જીસ, ડ્રેનેજ સેસ, પાવર ઓગમેન્ટેશન ચાર્જીસ, ટ્રાન્સફર ફી, એડમીનીસ્ટ્રેટીવ ચાર્જીસ જેવી વસુલાત બાકી રહેતી હોય છે. આવી વસુલાત મુલત્વી રાખીને સરકારશ્રીના ઉપરોકત સંદર્ભ-૧ માં દર્શાવેલ ઠરાવથી મિલ્કતની તબદીલી અંગે જે દરખાસ્તો મળે તેવી દરખાસ્તો મંજુરીઅર્થે હેડવાઈઝ વસુલ મેળવવાની વિગત સાથે ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને રજુ કરવાની રહેશે. આવા કિસ્સાઓ નિગમની વડી કચેરીની વિતરણ શાખામાં અલાયદુ રજીસ્ટર બનાવી જાળવવાનું રહેશે અને આવી દરખાસ્તો માટે ક્ષેત્રિય કચેરીએ તબદીલી અંગેના જાળવવામાં આવતાં રજીસ્ટરમાં અલગ રીમાર્કસ સાથે નોંધવાના રહેશે.

આ પરિપત્રનો ચુસ્ત અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર(વિતરણ/રસુ)ને પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જી.આઈ.ડી.સી. ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીઓ તરફ.

રવાના કર્યુ.

મેનેજર(મહેકમ)